# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-02-2026 Day: Saturday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-આસામ મુલાકાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આસામની એક દિવસીય મુલાકાત લેશે. તેઓ સવારે અંદાજીત સાડા દશ વાગ્યે દિબ્રુગઢ પહોંચશે. જયાં તેઓ ફાઈટર પ્લેન,માલ વાહક વિમાનો તથા હેલિકોપ્ટરોનું હવાઈ પ્રદર્શન નિહાળશે.

**----------------------------------------------------------------------------------------------**

## પ્રધાનમંત્રી-સેવા તીર્થ સંકુલ ઉદ્ઘાટન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સેવા તીર્થ, કર્તવ્ય ભવન-1 અને 2 ભારતની વિકસિત ભારત તરફની યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. દિલ્હીમાં સેવા તીર્થ સંકુલમાં એક સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે આ નાગરિક-કેન્દ્રિત શાસન અને રાષ્ટ્રીય પ્રગતિ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે લોકો આજે એક નવો ઇતિહાસ રચાતા જોઈ રહ્યા છે. શ્રી મોદીએ કહ્યું કે દરેક વ્યક્તિ વિકસિત ભારત પ્રાપ્ત કરવાના સંકલ્પ સાથે સેવા તીર્થ અને કર્તવ્ય ભવન પ્રવેશી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે દિલ્હીમાં સેવા તીર્થ સંકુલનું ઉદ્ઘાટન કર્યું. આ તેમનું નવું કાર્યાલય હશે.

**----------------------------------------------------------------------------------------------**

## મુખ્યમંત્રી-સાબરમતી આશ્રમ મીટિંગ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ સ્મારક ટ્રસ્ટની વહીવટી પરિષદની બેઠક યોજાઈ. તેમાં અમદાવાદ સાબરમતી આશ્રમના અદ્યતનીકરણ અને નવિનીકરણ કામગીરીની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી. ઉપરાંત મુલાકાતીઓ આશ્રમની સાથે યોગ્ય સેવા પ્રવૃત્તિઓમાં સહભાગી થઈ શકે તેના વિવિધ પાસાની ચર્ચા થઈ.

---

## ગાંધીનગર-કામકાજ સલાહકાર સમિતિ બેઠક:

ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજાઈ, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમાર સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા. બેઠકમાં આગામી અંદાજપત્ર સત્ર, પ્રશ્નોત્તરી, વિધાનસભામાં રજૂ થનારા ખરડા સહિતના મુદ્દા પર ચર્ચા થઈ.

સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું, આગામી સત્રમાં સાતથી આઠ જેટલા ખરડા ગૃહમાં રજૂ કરાશે.

---

## નાયબ મુખ્યમંત્રી કચ્છ મુલાકાત :

**નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે કચ્છ જીલ્લાની મુલાકાતે આવી રહ્યા છે.શ્રી સંઘવી આજે માંડવી તાલુકાના બિદડા ગામે કચ્છ યુવક સંઘ દ્વારા નવનિર્મિત હરીકો ભવન અને સ્પોર્ટસ કોમ્પલેક્ષનું લોકાર્પણ કરશે તેમજ બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત જયા રિહેબિલિટેશન ઇન્સ્ટિટ્યુટ એન્ડ રિસર્ચસેન્ટરની મુલાકાત લેશે. નાયબ મુખ્યમંત્રીના આગામનને લઇને તૈયારીઓ હાથ ધરાઇ છે.**

---

## કચ્છ-ભુજ-મહાશિવરાત્રિ શોભાયાત્રા:

જીલ્લા મથક ભુજમાં ભૂતનાથ સેવા સંસ્થાન ટ્રસ્ટ અને સમસ્ત હિન્દુ સમાજ દ્વારા છેલ્લા 12 વર્ષથી આયોજિત મહાશિવરાત્રિની શોભાયાત્રાને આવતીકાલે રવિવારે સવારે 9 વાગ્યે શહેરના પાળેશ્વર ચોક સ્થિત મહાકાલેશ્વર મહાદેવ મંદિરથી ભુજ સ્વામિનારાયણ નૂતન મંદિરના સંતો, માધાપરના આર્ષ અધ્યયન કેન્દ્રના પ્રદીપ્તાનંદ સરસ્વતીજી તેમજ અન્યો સંતો-મહંતો, કચ્છના સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્ય કેશુભાઈ પટેલ તેમજ અન્ય રાજકીય-સામાજિક આગેવાનો દ્વારા પ્રસ્થાન કરાવાશે.

આ શોભાયાત્રામાં વિવિધ સમાજ દ્વારા શિવ-પાવર્તીના ફ્લોટ, ડીજે સહિતના ગ્રુપ મુખ્ય આકર્ષણો હશે.

---------------------------------------------------------------------------------------------

## રાજ્ય-હવામાન:

રાજ્યમાં હાલ એકસાથે ગરમી અને ઠંડી એમ બે ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. દરમિયાન આગામી સાત દિવસ રાજ્યના તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા નહીંવત્ છે તેવુ હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ-ICC T-20 સ્પર્ધા:

આઈ.સી.સી ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ સ્પર્ધામાં ગઈકાલે ઝિમ્બાવેએ ઓસ્ટ્રેલિયાને 23 રનથી પરાજીત કર્યુ હતું. 170 રનના લક્ષ્યાંક સામે ઓસ્ટ્રેલિયન ટીમ 146 રનમાં ઓલઆઉટ થઈ હતી. જયારે અન્ય મેચમાં યુ.એ.ઈએ કેનેડાને,જયારે અમેરીકાએ નેધર લેન્ડને પરાજીત કર્યુ હતું.

---------------------------------------------------------------------------------------------

## કચ્છ-રાજ્ય કક્ષાની રસાખેંચમાં કાંસ્ય ચંદ્રક:

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત તેમજ જીલ્લા રમત અધિકારી કચેરી તાપી દ્વારા આયોજીત રાજ્ય કક્ષાની રસાખેંચ સ્પર્ધામાં કચ્છની ટીમને કાંસ્ય ચંદ્રક મળ્યો હતો.

---------------------------------------------------------------------------------------

## કચ્છ-મોટા યક્ષ વિકાસ કાર્ય સમિતિ:

કચ્છના 'મિની તરણેતર' તરીકે ઓળખાતા મોટા યક્ષના મેળાને હવે આધુનિક ઓપ મળવા જઈ રહ્યો છે. યક્ષ દેવ દાદાના સ્થાનક અને મેળાના પરિસરને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા માટે પ્રવાસન વિભાગ દ્વારા 10 કરોડની ગ્રાન્ટ ફાળવાઇ છે, જેના થકી અહીં બારેમાસ મેળા જેવો ભક્તિમય અને પ્રવાસન યોગ્ય માહોલ સર્જાશે.

પ્રવાસન નિગમના OSD એચ.એમ. સોલંકીએ સ્થળની રૂબરૂ મુલાકાત લીધી. અબડાસાના ધારાસભ્ય અને યક્ષ મંદિરના મેનેજિંગ ટ્રસ્ટી પ્રદ્યુમનસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------